# 7. વનમાં ચાંદલિયો ઊગ્યો

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના એક-એક વક્યોમાં ઉત્તર લખો:

**1) નાયિકાને ચાંદલીયો કેવો લાગે છે ?**

- નાયિકાને વનમાં ઊગેલો ચાંદલિયો જાણે સૂરજ થૈ ઊગ્યો હોય એવું લાગે છે અર્થાત ઊગતો સૂરજ જાણે એને માટે આશાનું કિરણ લઈને આવ્યો હોય તેવું લાગે છે.

**2) નાયક રોકાવાની શા માટે ના કહે છે ?**

- નાયકની સાથે તેના મિત્રો આવ્યાં છે માટે તે રોકાવાની ના પાડે છે.

**3) નાયક નહિ રોકાવા માટે નાયિકને કયું કારણ આપે છે ?**

- નાયક નહિ રોકાવા માટે નાયિકાને એ કારણ આપે છે કે તેની સાથે મિત્રોની જોડી છે. તેને છોડીને તે નહિ રોકાઈ શકે.

2. નીચેના પ્રશ્નોના મુદ્દાસરઉત્તર લખો :

**1) નાયકના આતિથ્ય માટે નાયિકા શી શી વિનંતી કરે છે ?**

- નાયિકા નાયકના આતિથ્ય માટે અધિરી બની છે. નાયિકાએ પ્રિયતમના આતિથ્ય માટેની તમામ સામગ્રી તૈયાર રાખી છે. આથી પ્રિયતમ આવતાં જ નાયિકા એને ઉતારો કરતા જાઓ એવી વિનંતિ કરે છે. નાયિકાને વધારે સમય પોતાના પ્રિયતમ સાથે વિતાવવો છે. આથી દાતણ કરવા,સ્નાન કરવા, દૂધ પીવા., મુખવાસ લેવા અને શયનકરવા જેવી તમામ ક્રિયાઓ કરવા રોકાય એવી વિનનતી કરે છે. એ નિમિત્તે એટલો સમય પ્રિયતમના સાિન્નધ્યમાં રહેવય અને એનું એકલવાયું જીવન આનંદ અને ઉલ્લાસના રંગોથી હર્યુંભર્યું થાય એવી ભાવના રહેલી છે.

## 3. મુદ્દાસર નોંધ લખો:

### 1) નાયિકાએ નાયક પ્રયે દર્શાવેલા ભાવને તમારા શબ્દોમાં વર્ણવો.

- નાયિકા-પ્રિયતમા પોતાના પ્રિયતમના વિરહમાં ઝૂરે છે. એકલતા અનુભવતી પ્રિયતમાના જીવનમાં ચાંદલિયો ઊગ્યો એટલે કે પ્રિયતમના આવવાથી એના હૃદયમાં ઉલ્લાસન અભાવ જાગ્યા. એને એમ થયું કે એના સૂના જીવનમાં ચંદ્ર જાણે સુરજ થઈને ઊગ્યો. સૂરજ આશાનું કિરણ લઈને આવ્યો છે એટલે એના આનંદની સીમા નથી. એ પ્રિયતમને ઉતારો કરવા, દાતઁ કરવા, સ્નાન કરવા, દૂધ પીવા, મૂખવાસ લેવા અને શયન કરવા જેવી તમામ ક્રિયાઓ એને ત્યાં કરે એવી વિનંતી કરે છે. એ નિમિત્તે પ્રિયતમ રોકાય તો એના વિરહનું દુઃખ દૂર થાય અને એના એકલવાયા જીવનમાં મિલનના આનંદનો સંચાર થાય. આમ, નાયિકા પ્રિયતમ પર ઓળઘોળ થઈ જાય છે.